## મેહરબાન જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ , સેકન્ડ કોર્ટ, મુ.સુરત

**<u>ફરીયાદી</u>** : શ્રી સરકાર.

**વિરુધ્ધ...**

**<u>આરોપી</u>** :

**ગુન્હો** : **<u>ઈ.પી.કો. કલમ : ૨૭૯ મુજબ.</u>**

## // <u>ઠ રા વ</u> //

ફરીયાદ પક્ષના કેસની વિગત ટૂંકમાં એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટમાંા જણાવેલ વિગતે ગુન્હો કરેલ છે.

આરોપીએ આજ રોજ ઉપસ્થિત થઈ ગુન્હો કબુલાત પુરસીસ રજુ કરેલ છે, જેથી આરોપીને સજા અંગે માહીતગાર કરેલા છે.ત્યારબાદ આરોપીનુ નિવેદન લેતાં આરોપીએ ગુનો કબુલ કરવાનું જણાવી ,પોતાની ગુન્હા કબુલાત પુરસીસમાં જણાવેલ છે કે, આ તેનો પ્રથમ વખતનો ગુન્હો છે, તેઓ ગરીબ વર્ગના માણસ છે. તેમના અને કુટુંબના ભરણ પોષણ અંગેની જવાબદારી તેમના શીરે છે અને આ ગુના બદલ તેઓને પસ્તાવો થયેલ છે અને આવો ગુન્હો ફરીથી નહીં બને તેવી ખાતરી આપી ના.કોર્ટ પાસે રહેમ અને દયાની અરજ કરેલ છે. આરોપીની સ્વેચ્છીક ગુના કબુલાત તથા ગુનાની ગંભીરતાને ઘ્યાનમાં લઈ આરોપીને હળવી સજા કરવામાં આવે તો તે ન્યાયનો હેતૂ જળવાઈ રહેશે તેમ હું માનુ છું તેથી નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે

## // <u>હુ ક મ</u> //

આરોપીને ક્રિ.પ્રોસીઝર કોડની કલમ : ૨૫૨ અન્વયે ઈ.પી.કો. કલમ : ૨૭૯ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ઈ.પી.કો. કલમ : ૨૭૯ માં રૂ. ૫૦૦ /–(શબ્દોમાં રૂપિયા પાંચસો પુરા) નો દંડ અને દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ અંગે અગાઉ થયેલ હુકમ કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે. જો હુકમ થયેલ ન હોય તો રોકડ રકમ સિવાય અરજદારનું યોગ્ય વેરીફીકેશન લઈ અપીલ સમય બાદ પરત કરવાનો તથા રોકડ રકમ અપીલ સમય બાદ સરકાર ખાતે જમા કરવાનો તથા અન્ય નાશપાત્ર મુદ્દામાલ નો નિયમોનુસાર અપીલ સમયબાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ : ૧૪ મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૪ ના રોજ સ્પે. સીટીંગ લોક અદાલત માં વાંચી સંભળાવી હુકમ જાહેર કર્યો.

Date : 14/09/2024

Pace: SURAT

(JAYSHRIBEN SHANTILAL JADAV)
JUDGE CODE NO.1424
JUDICIAL MAGISTRATE FIRST CLASS, SECOND COURT,SURAT.